ક્રમાંક:કવટ/IHC2/૨૦૨૦/નિ.ગ્રા/ ૯૫૨-૫૯
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી ની કચેરી,
બ્લોક-૧૨, બીજો માળ,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૨૩/૦૧/૨૦૨૦

<u>વંચાણે લીધા:-</u> (૧) ઉ.શિ કમિ.ની કચેરી ગુ.રા.ગાંધીનગરનો પરિપત્ર ક્રમાંક:ઉબક/ડી.પી.(વ-૧) ક/૯૮-૯૯/૦૦૯-૪૨૩.તા.૨/૧/૧૯૯૯

(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૦૪/૧૬૫૭/ખ.તા:૨૫/૦૮/૨૦૦૫ તથા તેને આનુસાગિક ઠરાવો.

(૩) શિક્ષણ વિભાગના તા:૭/૬/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક::એનજીસી/૨૬૧૦/૧૦૫૫/ખ.

(૪) શિક્ષણ વિભાગના તા:૧૪/૯/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક::એનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ.

(૫) શિક્ષણ વિભાગના તા:૦૪/૦૪/૨૦૧૭ ઠરાવ ક્રમાંક::એનજીસી/૧૧૦૪/૧૬૫૭/ખ.

(૬) સંબંધિત સંસ્થા દ્વારા વહીવટી મંજૂરી અર્થે રજુ થયેલ દરખાસ્ત.

## કચેરી આદેશ

રાજયની બિનસરકારી અનુદાનિત બીએડ અને લો કોલેજોમાં કોલેજોના વર્કલોડ આધારે આમુખ-૪માં જણાવેલ ઠરાવની જોગવાઇને દયાને લઇ આ કોલેજોમાં ખાલી પડેલ જગ્યાઓ માટે કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા અનુસરીને ભરતી કરી પસંદગી પામેલ ઉમેદવારોને મેરીટના ધોરણે નિમણૂંક **શ્રીમતી બી.સી.જે. કોલેજ ઓફ એજયુકેશન ખંભાત**ને આ કચેરીએથી ભલામણ પત્ર ઇસ્યુ કરવામાં આવેલ, સદર ભલામણ પત્રના અનુસંધાને કોલેજ દવારા ઉમેદવારને નિમણૂંક પત્ર આપવામાં આવતાં તે નિમણૂક પત્રના અનુસંધાને ઉમેદવાર સંબંધિત કોલેજમાં અદયાપક સહાયક તરીકેની ફરજ પર **તા.૧૧/૦૭/૨૦૧૯**નારોજ હાજર થયેલ છે.

ઉપર મુજબ અદયાપક સહાયક તરીકે ફરજ પર ઉમેદવાર હાજર થતાં, હાજર થયેલ ઉમેદવારની નિમણૂંકને અદયાપક સહાયક તરીકેની વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત રજુ થયેલ હોઇ, **ડૉ. જેનિફર અશોકકુમાર ક્રિશ્ચયન ગુજરાતી પધ્ધતિ વિષયના અદયાપક શ્રીમતી બી.સી.જે. કોલેજ ઓફ એજયુકેશન ખંભાત**ને **ડૉ. ક્રિશ્ચયન હાજર થયા તા.૧૧/૦૭/૨૦૧૯**થી સદર નિમણૂંકને આમુખ-૫માં જણાવેલ શિક્ષણ વિભાગના તા.૦૪/૦૪/૨૦૧૭ના ઠરાવની જોગવાઇ મુજબ રૂ. ૪૦,૧૭૬/-માસિક ઉચ્ચક પગારમાં ગ્રાન્ટના હેતુ માટે નીચેની શરતોને આધીન ગ્રાહય રાખવામાં આવે છે.

<u>શરતો:</u>

(૧) આ કચેરીના તા:૧૮/૦૨/૧૯૮૫ ના પરિપત્ર ન ઊબક/સરપ્લસ /ક-૧/૧૫૬૩-૧૯૭૫ ની જોગવાઈ મુજબ જયા સુધી કાર્યભાર/વિધાર્થીઓની સંખ્યા જળવાઈ રહે ત્યાં સુધી આ નિમણૂંક અનુદાનના હેતુ માટે માન્ય રહેશે.

(૨) નિમણુંક પામેલા અધ્યાપક સહાયકે તેમના વિષયમાં યુ.જી.સી.ના નિયમોનુસાર સરકારશ્રી દ્વારા વખતો વખત નિયત કરેલ ધોરણો મુજબ તથા સંલગ્ન યુનિવર્સિટી ના ઓર્ડિનન્સમાં સૂચવ્યા મુજબ નો કાર્યભાર સંભાળવાનો રહેશે.

(૩) આ નિમણૂકની જગ્યાઓ કાર્યભાર જળવાતો નહિ હોઇ અને સંસ્થા/કોલેજ આ કર્મચારીને અધ્યાપક સહાયક તરીકે ચાલુ રાખશે તો આ નિમણુંક ના પગાર ભથ્થા ખર્ચ ઓડિટમાં અમાન્ય કરવામાં આવશે.

(૪) કાર્યભાર કોઈપણ કારણોસર ઘટે તો તેની માહિતી નિયત પત્રકોમાં ભરી તેની જાણ તુરતજ સંસ્થાએ અત્રેની કચેરીને અચુક કરવાની રહેશે. જો આ સૂચનાનો જે તે સમયે ચુસ્ત પાલન/અમલ કરવામાં નહીં આવે તો કાર્યભાર વિનાના સ્ટાફનો પગાર ભથ્થા ખર્ચ આ કર્મચારીને નિમણુંક આપનાર સંસ્થા/મંડળે ભોગવાનો રહેશે.

(૫) શિક્ષણ વિભાગના " અધ્યાપક સહાયક" સંબધી તા.૨૫/૦૮/૨૦૦૫ તથા તેને આનુસાંગીક ઠરાવોની જોગવાઈ ધ્યાને લેતા પસંદ થયેલ વિષયના અધ્યાપક સહાયકનો કાર્યભાર ઘટે ત્યારે આ અદયાપક ફાજલ તરીકેનું રક્ષણ ધરાવતા નથી.

(૬) આ નિમણૂકના કિસ્સામાં ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો ૧૯૬૭ની જોગવાઇઓને અનુસરવાની રહેશે.

(૭) નિમણુંક પામનાર સબંધિત "અધ્યાપક સહાયક" ને વહીવટી મંજૂરી ઓડિટને આધીન આપવામાં આવે છે.

નોંધ પરના માન. કમિશ્નરશ્રીના આદેશનુસાર.

સંયુક્ત શિક્ષણ નિયામક(કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા. ગાંધીનગર

પ્રતિ

- આચાર્યશ્રી, શ્રીમતી બી.સી.જે. કોલેજ ઓફ એજયુકેશન ખંભાત.
- ડૉ. જેનિફર અશોકકુમાર ક્રિશ્ચયન ગુજરાતી પધ્ધતિ વિષયના અદયાપક સહાયક કોલેજ,મારફત.
- નાયબ નિયામકશ્રી,(હિસાબ), સીધા પગાર શાખા. સદર કચેરી.
- હુકમ ફાઈલે.

નકલ સવિનય રવાનાઃ-

- સેકશન અધિકારીશ્રી શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગર
- કુલ સચિવશ્રી, સંબંધિત યુનિવર્સિટી,

Smt. B.C.J. Col. OF EDUCATION
Inward No. 344 - 2019-20
Date 21-01-2020
Received Sign.